# બીઆરસી, યુઆરસી અને સીઆરસી કો–ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી પસંદગી માટેની જાહેરાત

સમગ્ર શિક્ષા અંતર્ગત બીઆરસી, યુઆરસી અને સીઆરસીકો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી (હાલ ખાલી રહેલ અને ભવિષ્યમાં ખાલી પડનાર તમામ જગ્યા માટે પ્રતિક્ષાયાદી બનાવવા)જગ્યા માટે જે તે તાલુકાના જિલ્લા પંચાયત/નગર પાલિકા/ મ્યુ.કોર્પોરેશનની શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વિદ્યાસહાયક/શિક્ષક પાસેથી અરજી મંગાવવામાં આવે છે. બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતની ઉમેદવારી માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

જે તે જિલ્લા શિક્ષણ સમિતિ/સંબંધિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/ મ્યુ.કોર્પોરેશન હસ્તકની જે તે તાલુકાની પ્રાથમિક શાળામાં, અરજીની તારીખે બી.આર.સી./યુ.આર.સી. કો–ઓર્ડિનેટર માટે ૫ વર્ષ અને સી.આર.સી. કો–ઓર્ડિનેટર માટે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા સરકારી પ્રાથમિક અથવા ઉચ્ચ પ્રાથમિક(ગણિત–વિજ્ઞાન સિવાય) વિદ્યાસહાયક/શિક્ષક (H TAT પાસ અને મુખ્ય શિક્ષક તરીકે નિમણૂંક મેળવીને ફરજ બજાવતા હોય તે સિવાય)અરજી કરી શકશે.

આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓન લાઈન(ON LINE)અરજીઓ જ સ્વીકારવામાં આવશે.

આ પ્રતિનિયુકિત મહત્તમ ૩(ત્રણ) વર્ષ માટે રહેશે. જેમાં પ્રથમ વર્ષ પ્રોબેશન રહેશે. સારી કામગીરી કરનારને વધુ ૨ વર્ષ પ્રતિનિયુકિત લંબાવી શકાશે.એટલે કે મહતમ ૫ વર્ષ સુધી પ્રતિનિયુકિત રહેશે.

ઉમેદવારોએ ઓનલાઈન(ON LINE)અરજી, **http://www.ssagujarat.org** વેબસાઈટ પર જઈ **Recruitment** પર કલીક કરી, કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરવા માટેની આવશ્યક લાયકાત, અરજી કરવાની રીત, ભરતીના નિયમો અને શરતોની સૂચના/માર્ગદર્શિકા વેબસાઈટ પર મૂકેલ છે, જેને વાંચીને અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓન લાઈન કરેલ અરજીની પ્રિન્ટ લઈ, પોતાની પાસે રાખવાની રહેશે. ઈન્ટરવ્યુ સમયે આ પ્રિન્ટ આઉટ, તેમજ નિયત લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અને અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

**ઓનલાઈન(ON LINE)અરજી કરવાનો સમયગાળો : ૨૨ જુન, ૨૦૨૦(બપોરે ૧૫.૫૯ કલાકથી શરૂ) થી**
**૦૪ જૂલાઈ, ૨૦૨૦(રાત્રે ૨૩.૫૯ કલાક સુધી)**

**સહી/–**
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**સમગ્ર શિક્ષા**
**સેકટર–૧૭, ગાંધીનગર**

## <u>''ઓન લાઈન''અરજી કરવા માટેની સૂચનાઓ</u>

૧. સમગ્ર શિક્ષા અંતર્ગત બીઆરસી, યુઆરસી અને સીઆરસીકો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી (હાલ ખાલી રહેલ અને ભવિષ્યમાં ખાલી પડનાર તમામ જગ્યાઓ માટે વેઈટીંગ લીસ્ટ તૈયાર કરવા) જગ્યા માટે જે તે તાલુકાના જિલ્લા પંચાયત/નગર પાલિકા/ મ્યુ.કોર્પોરેશનની શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વિદ્યાસહાયક/શિક્ષક પાસેથી ઓન લાઈન (ON LINE) અરજી મંગાવવામાં આવે છે.

૨. જે તે જિલ્લા શિક્ષણ સમિતિ/સંબંધિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/મ્યુ.કોર્પોરેશન હસ્તકની જે તે તાલુકાની સરકારી પ્રાથમિક શાળામાં, અરજીની તારીખે બી.આર.સી./યુ.આર.સી. કો–ઓર્ડિનેટર માટે ૫ વર્ષ અને સીઆરસી.કો.ઓર્ડિનેટર માટે ૩ (ત્રણ) વર્ષનો અનુભવ ધરાવતા સરકારી પ્રાથમિક અથવા ઉચ્ચ પ્રાથમિક (ગણિત–વિજ્ઞાન સિવાય) વિદ્યાસહાયક/શિક્ષક(H TAT પાસ અને મુખ્ય શિક્ષક તરીકે નિમણૂંક મેળવીને ફરજ બજાવતા હોય તે સિવાય)જે તે જિલ્લાના જે તે તાલુકાના બીઆરસી/યુઆરસી /સીઆરસી માટે અરજી કરી શકશે. તથા અગાઉ બીઆરસી, યુઆરસી અથવા સીઆરસી કો.ઓર્ડિનેટર તરીકે પ્રતિનિયુકિત ઉપર ફરજ બજાવેલ હોય અને ૧(એક) વર્ષનો કુલીંગ પીરીયડ જાહેરાતની તારીખે પૂર્ણ થયેલ હોય તેવા ઉમેદવારો પણ અરજી કરી શકશે.

૩. આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓન લાઈન (ON LINE) અરજીઓ જ સ્વીકારવામાં આવશે.ઓનલાઈન (ON LINE) અરજી કરવાનો સમયગાળો <u>૨૨, જુન,૨૦૨૦( બપોરે ૧૫.૫૯ કલાકથી શરૂ) ૦૪ જૂલાઈ, ૨૦૨૦(રાત્રે ૨૩.૫૯ કલાક સુધી) છે.</u>

૪. ઉમેદવારે બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની જગ્યા માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

૫. બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓર્ડિનેટરની જગ્યાઓ પર ઉમેદવારી નોંધાવવા માટે નીચે મુજબની સામાન્ય શરતો,શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત,અનુભવ,લેખિત પરીક્ષા મેરીટયાદી તૈયાર કરવા અંગેનો ગુણભાર અને તેની ગુણાંકન પધ્ધતિ તથા અન્ય આવશ્યક શરતો અને સામાન્ય શરતો નીચે મુજબ છે.

**(A) સામાન્ય શરતો :**

(૧) જે તે જિલ્લાના જિલ્લા/નગર/મ્યુનિસિપલ કોર્પોરેશનની બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડીનેટરની જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા તે જ તાલુકાના વિદ્યાસહાયક/શિક્ષકે અલગ અલગ અરજી કરવાની રહેશે.

(૨) બન્ને જગ્યા માટે અલગ અલગ મેરીટ યાદી બનશે. ઉમેદવાર મેરીટ આધારે જગ્યાની પસંદગી કરી શકશે. પસંદગીવાળી એક જગ્યા પર નિમણુંક મેળવી શકશે. અને તે પસંદગી આખરી ગણાશે.અને નિમણુંક થયા બાદ જગ્યા અને સ્થળમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહીં.

(૩) બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓર્ડીનેટર માટે જિલ્લા/નગર/મ્યુનિસીપલ કોર્પારેશન શિક્ષણ સમિતિમાં સરકારી ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિષય શિક્ષક તરીકે ભણાવતા ગણિત–વિજ્ઞાન વિષય શિક્ષક સિવાયના ધો.૧ થી ૮ ના સરકારી પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતાં જિલ્લા/નગર/મ્યુનિસિપલ શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળામાં બીઆરસી/યુઆરસી કો. ઓ. માટે ૫ વર્ષ અને સીઆરસી કો. ઓ. માટે ૩ (ત્રણ) વર્ષનો અનુભવ ધરાવતા જે તે જિલ્લાની સરકારી શાળાના પ્રાથમિક શિક્ષક/વિદ્યા સહાયક લાયક ગણાશે.

(૪) જેઓ HTAT પાસ કરી મુખ્ય શિક્ષક તરીકે શાળામાં ફરજ બજાવી રહયા છે, તેઓ બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડીનેટરની જગ્યા પર ઉમેદવારી નોંધાવી શકશે નહીં.

(૫) અરજી કરનાર શિક્ષક સામે નૈતિક અધ:પતન, પોલીસ કેસ, અંગત ગુના સબબ જિલ્લા કક્ષાએથી કાર્યવાહી ચાલુમાં હોય તેવા ઉમેદવારને અમાન્ય ગણવા અને માટે જિલ્લા કક્ષાએથી ખરાઈ કરવી. તથા અગાઉ બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓર્ડિનેટર તરીકે પ્રતિનિયુકિતથી ફરજ બજાવેલ હોય તેવા બીઆરસી/ યુઆરસી/સીઆરસી કો.ઓર્ડિનેટરની પૈકી જેમની પ્રતિનિયુકિત રિવ્યુ કોઈ ગંભીર ગુનાના કારણોસર પ્રતિનિયુકિત રદ કરાવેલ હોય તેવા ઉમેદવારોએ અરજી કરેલ હશે તો તે અમાન્ય ગણાશે. તે અંગે જિલ્લાકક્ષાએથી ખરાઈ કરવી.

(૬) પ્રતિનિયુકિતથી નિમણુંક પ્રથમ ૩ વર્ષ માટે આપવામાં આવશે. જેમાં પ્રથમ ૧ વર્ષ પ્રોબેશન ગણાશે. આ પ્રોબેશન દરમ્યાન સંબંધિત તાલુકા/કલસ્ટરની શાળાઓના 'Learning Outcomes' નું પરિણામ તેમજ સ્કુલ મોનીટરીંગ એપ આધારિત ગુણાંકનને ધ્યાને લેવામાં આવશે. ૩ વર્ષ બાદ પ્રતિનિયુકિત દરમ્યાનની સારી કામગીરીને ધ્યાનમાં લઈ વધુમાં વધુ બે વર્ષ પ્રતિનિયુકિત લંબાવી શકાશે.એટલે કે મહત્તમ ૫ વર્ષ સુધી પ્રતિનિયુકિત રહેશે.

(૭) અરજી કરનાર ઉમેદવાર પ્રતિનિયુકિતથી નિમણૂંક મળેથી ૧ વર્ષના સમયગાળા દરમ્યાન ફરજિયાત રીતે બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ. તરીકેની કામગીરી કરવાની રહેશે. એટલે કે ૧ વર્ષ પહેલા તેઓ પ્રતિનિયુકિત રદ કરવા રાજીનામું આપી શકશે નહિ, તથા રાજીનામું આપવા અંગેની દરખાસ્ત માર્ચ માસમાં જિલ્લા કચેરી ખાતે તથા જિલ્લાકક્ષાએથી તે તમામ દરખાસ્તો એપ્રિલ માસમાં રાજયકક્ષાએ રજુ કરીને મંજુર કરવાની નીતિ અમલમાં છે તે દરેકને બંધનકર્તા રહેશે.

(૮) વહીવટી અનિયમિતતા,નૈતિક અધઃપતન,ગુનાઓ,પોલીસ કેસ જેવી ફરિયાદ ઉભી થાય અને તપાસ પ્રક્રિયાના અંતે કસુરવાર ઠરવાથી, પ્રતિનિયુકિત રદ કરવામાં આવશે અને નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

**(B) શૈક્ષણિક, વ્યાવસાયિક લાયકાત અને અનુભવ :**

(૧) ધો.૧૦/૧૨ પાસ સાથે પીટીસી/સમકક્ષ અથવા તાલીમી સ્નાતક/સમકક્ષ તરીકેની શૈક્ષણિક લાયકાત ફરજીયાત ગણવી.

(૨) સ્નાતક તથા તાલીમી સ્નાતક ઉપરાંતની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત વધારાની લાયકાત ગણાશે તેનો ગુણાંકનમાં સમાવેશ કરેલ છે.

(૩) સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક/વિદ્યાસહાયક તરીકેનો બીઆરસી/યુઆરસી કો–ઓર્ડિનેટર માટે ૫ (પાંચ) વર્ષનો અને સીઆરસી કો–ઓર્ડિનેટર માટે ૩ વર્ષનો અનુભવ આવશ્યક છે.

**(C) અગ્રતાક્રમની મેરીટયાદી તૈયાર કરવા માટેનો નિયત ગુણભાર અને ગુણાંકન પધ્ધતિ :**

| |
|---|
| **અનુભવ :** બીઆરસી/યુઆરસી માટે ૫ વર્ષ, સીઆરસી માટે ૩ વર્ષનો અનુભવ ફરજિયાત<br>ધો.૬ થી ૮ ના ગણિત–વિજ્ઞાન વિષય સિવાયના ધો.૧ થી ૮ ના શિક્ષક/વિદ્યાસહાયક અરજી કરી શકશે.<br>H-TAT પાસ અને હેડ ટીચર તરીકે નિમણૂંક પામેલ હેડ ટીચર અરજી કરી શકશે નહિ. |
| **વય મર્યાદા : ૫૦ વર્ષ** |
| **શૈક્ષણિક ગુણાંકન : કુલ ગુણ : ૫૦ ગુણ**<br>ધો. ૧૦/૧૨ પાસ મેળવેલ ગુણના ૦૫ ટકા<br>PTC અને સમકક્ષ મેળવેલ ગુણના ૦૫ ટકા<br>સ્નાતક/સમકક્ષ મેળવેલ ગુણના ૧૦ ટકા<br>અનુસ્નાતક/સમકક્ષ મેળવેલ ગુણના ૦૫ ટકા<br>B Ed અને સમકક્ષ મેળવેલ ગુણના ૦૫ ટકા<br>**વધારાની લાયકાત :**<br>એમએડ અને એમફીલ ૦૫ ગુણ<br>પીએચડી ૦૫ ગુણ<br><br>શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સિધ્ધિઓ ૦૫ ગુણ<br>(પાઠયપુસ્તક લેખન/મોડયુલ લેખન/રાજયકક્ષાના તજજ્ઞ તરીકેની કામગીરી/રાજયકક્ષાના એવોર્ડ/ દુરવર્તી શિક્ષણમાં/બાયસેગમાં સામેલગીરી/તજજ્ઞ તરીકેની કામગીરી)<br>(રાજયકક્ષાના પ્રમાણપત્રો હોય તો જ, ૧ કામગીરીના ૧ ગુણ ગણવા)<br>અનુભવ (શિક્ષક તરીકેના ૫ ગુણ) ૦૫ ગુણ<br>**કુલ ગુણ ૫૦ ગુણ**<br>મેરીટ બનાવતી વખતે ૫૦ ગુણનું ૩૦ ગુણમાં રૂપાંતર કરવુ. |
| **લેખિત પરીક્ષા : (રાજયકક્ષાએથી)**<br>વિષયવસ્તુ આધારિત લેખિત પરીક્ષા ૧૦૦ ગુણ<br>(ઓએમઆર બેઝ)<br>ગુજરાતી ભાષા (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૫ ગુણ<br>હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૧૦ ગુણ<br>ગણિત (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૧૦ ગુણ<br>વિજ્ઞાન (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૧૦ ગુણ<br>પર્યાવરણ/સામા.વિજ્ઞાન (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૧૦ ગુણ<br>કોમ્પ્યુટર (સીસીસી સમકક્ષ) ૧૦ ગુણ |

| | |
|---|---|
| શિક્ષણ સાંપ્રત પ્રવાહો<br>(એસએસએ, શિક્ષણ કાયદો, નિયમો અને અન્યો) | ૨૦ ગુણ |
| સામાન્યજ્ઞાન | ૧૫ ગુણ |
| સીઆરસી/બીઆરસીની કામગીરી<br>સંદર્ભે અભિરૂચિ | ૧૦ ગુણ |
| **કુલ ગુણ** | **૧૦૦ ગુણ** |
| મેરીટ બનાવતી વખતે ૧૦૦ ગુણનું ૭૦ ગુણમાં રૂપાંતર કરવું. | |
| મેરીટ તૈયાર કરવાની રીત :<br>શૈક્ષણિક લાયકાત અને અન્ય ૩૦ ગુણ + લેખિત પરીક્ષા ૭૦ ગુણ = કુલ ગુણ ૧૦૦ ગુણ આધારે તાલુકાવાર મેરીટ યાદી તૈયાર કરવી. | |

(૨) ઉકત શૈક્ષણિક અને તાલીમી લાયકાતના ગુણાંકન સમયે, જે તે પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરેલ હોય, આ પ્રકારના કિસ્સામાં ગુણાંકન માટે નીચે મુજબની પધ્ધતિ અનુસાર ગણતરી કરી ગુણાંકન કરવાનું રહેશે.

દા.ત. ઉમેદવારે પરીક્ષા ત્રણ પ્રયત્ને પાસ કરેલ હોય જેમાં પ્રથમ પ્રયત્નમાં ૭ વિષયમાંથી ૪ વિષયમાં પાસ અને ૩ વિષયમાં નાપાસ થયેલ હોય અને કુલ ૭૦૦ માંથી આશરે ૩૦૦ ગુણ મેળવેલ હોય.

તથા બીજા પ્રયત્નમાં ૪ વિષયની પરીક્ષા માફી લઈ નાપાસ થયેલ ૩ વિષયની પરીક્ષા ફરી આપતાં જેમાંથી ૨ વિષયમાં પાસ અને ૧ વિષયમાં નાપાસ થયેલ હોય તો કુલ ૩૦૦ ગુણમાંથી આશરે ૧૦૦ ગુણ મેળવેલ હોય.

અને ત્રીજા પ્રયત્નમાં ૬ વિષયની પરીક્ષા માફી લઈ નાપાસ થયેલ ૧ વિષયની પરીક્ષા ફરીથી આપે અને તેમાં ૧૦૦ માંથી આશરે ૫૦ ગુણ મેળવેલ હોય.

ઉકત ત્રણેય પ્રયત્નો કરેલ હોય તેમની ગણતરી ત્રણેય માર્કશીટમાં દર્શાવેલ કુલગુણમાંથી મેળવેલ ગુણનો સરવાળો કરવો એટલે કે પ્રથમ પ્રયત્નના ૩૦૦ ગુણ, બીજા પ્રયત્નના ૧૦૦ ગુણ તથા ત્રીજા પ્રયત્નના ૫૦ ગુણ એમ ૪૫૦ ગુણ અને ત્રણેય પ્રયત્નોના કુલ ગુણ એટલે કે પ્રથમ પ્રયત્નના ૭૦૦ ગુણ, બીજા પ્રયત્નના ૩૦૦ ગુણ અને ત્રીજા પ્રયત્નના ૧૦૦ ગુણ એમ કુલગુણ ૧૧૦૦ મુકવા અને પ્રયત્નોની સંખ્યા ૩ દર્શાવવી.

(૩) નિયત શૈક્ષણિક, વ્યવસાયિક લાયકાત તેમજ આવશ્યક અનુભવ ધરાવતા કર્મચારી જરૂરીયાત મુજબ લાયકાત, અનુભવ ધરાવે છે તેમ માની તેમની લેખિત પરીક્ષા લેવામાં આવશે. માત્ર લેખિત પરીક્ષા આપવાથી નિયત લાયકાત, અનુભવ ધરાવે છે. તેવી રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

(૪) કુલ ગુણ ૧૦૦ માંથી મેળવેલ ગુણ આધારે બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર માટે અલગલ અલગ અગ્રતાક્રમ અનુસારની તાલુકાવાર મેરીટયાદી રાજયકક્ષાએથી બનાવીને જિલ્લાને મોકલવામાં આવશે.

**(D) અન્ય આવશ્યક શરતો :**

રાજયકક્ષાએ તૈયાર થયેલ જે તે જિલ્લાના તાલુકાવાર મેરીટયાદી જે તે જિલ્લાને મોકલીને તે યાદી આધારે જિલ્લાકક્ષાએથી નીચે મુજબની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(અ) મેરીટયાદીમાંથી બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની ખાલી જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને જિલ્લાકક્ષાની પસંદગી સમિતિની હાજરીમાં, જિલ્લાની બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓર્ડિનેટરની ખાલી તમામ જગ્યાઓની પ્રસિધ્ધિ કરીને, તે જગ્યાઓ માટે તે જ દિવસે પ્રમાણપત્ર ચકાસણી અને રૂબરૂ સ્થળ પસંદગી કરવાનું નકકી કરવામાં આવશે.

(બ) જિલ્લાકક્ષાએ પ્રમાણપત્ર ચકાસણી અને રૂબરૂ સ્થળ પસંદગી સમયે ઉમેદવાર ધ્વારા કરવામાં આવેલ ઓનલાઈન અરજીની પ્રિન્ટ જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે જમા કરાવવાની હોઈ તથા તેને આધારે તેમના ગુણાંકનની ચકાસણી/ખરાઈ કરવાની હોઈ આ માટે ઉમેદવારે ઓનલાઈન અરજી સમયે દર્શાવેલ લાયકાતો આધારે ગુણાંકન નિયત કરેલ હોઈ, તે સિવાયની અન્ય લાયકાતના ગુણાંકનને જિલ્લાકક્ષાએ પ્રમાણપત્ર ચકાસણી/રૂબરૂ સ્થળ પસંદગી સમયે મેરીટ માટે માન્ય ગણાશે નહિ.

(ક) ખરાઈ આધારે અમાન્ય ઉમેદવારોની ઉમેદવારી રદ બાતલ કરવામાં આવશે.

(ડ) પસંદગી સમિતિના સભ્યો સમક્ષ અગ્રતાક્રમના ઉમેદવારોને બોલાવીને તેમની પસંદગીની જગ્યા માટે તક આપીને તેની સંમતિ મેળવીને તદ્દ અનુસાર પ્રતિનિયુકિતથી નિમણુંક હુકમ આપવામાં આવશે.

(ઇ) અગ્રતાક્રમનો ઉમેદવારો કોઈ જગ્યા માટે પસંદગી ન દર્શાવે તો તેનો હકક જતો રહેશે અને ભવિષ્ય આ જગ્યા માટેનો હકકદાવો કરી શકશે નહિ.

(એફ) ભરતી પ્રક્રિયા સંદર્ભે અન્ય સુચનાઓ અત્રેથી જિલ્લાઓને મોકલેલ પરિપત્ર મુજબની રહેશે.

**(E) સામાન્ય સૂચનાઓ :**

(૧) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ સમગ્ર શિક્ષાની કચેરી માંગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે "રદ" ગણવામાં આવશે.

(૨) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન પ્રતિનિયુકિતથી તદ્દન હંગામી ધોરણે મહત્તમ ત્રણ વર્ષ માટે નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે. જેમાં તેમાં પ્રથમ વર્ષ પ્રોબેશન રહેશે. સારી કામગીરી કરનારની વધુ ૨ વર્ષ પ્રતિનિયુકિત લંબાવી શકાશે.

(૩) ઉમેદવાર પોતે લેખિત પરીક્ષામાં સમાવશે થવાથી કોઈપણ જગ્યાની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા પાત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાનો હકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે સમગ્ર શિક્ષા પ્રોજેકટની સેવા સારું તે, નિયત કરેલ લાયકાત,શરતો અનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક "રદ" કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે સમગ્ર શિક્ષાનો નિર્ણય આખરી ગણાશે.

(૪) આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હકક/અધિકાર સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીને રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ.

(૫) કોઈપણ ઉમેદવાર (૧) તેની ઉમેદવારી માટે કોઈપણ પ્રકારનો ટેકો મેળવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેંડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૩) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવાના સંજાગોમાં કોઈપણ તબકકે ઉમેદવારી અથવા કરાર આધારિત નિમણૂંક રદ કરી શકાશે.

(૬) ઉમેદવારે ઓનલાઈન અરજી નિયત સમયમર્યાદામાં કરવાની રહેશે.

(૭) ઓનલાઈન સિવાયની કોઈપણ અરજી જિલ્લા/રાજય કક્ષાની કચેરીએ સ્વીકારવા કે માન્ય રાખવામાં આવશે નહિ.

(૮) ઓનલાઈન અરજી Submit કર્યા બાદ સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Application number નોંધી લેવાનો રહેશે.

(૯) ઉમેદવારે ઓનલાઈન અરજી કરવા માટે સૌ પ્રથમ **Registration** કરવાનું રહેશે જેમાં ઉમેદવારે પોતાનું નામ, માતાનું નામ, જન્મતારીખ, ઈમેલ, મોબાઈલ નંબર, પાસવર્ડ, ઉમેદવારનો તાજેતરનો ફોટો અને સહીનો નમૂનો **200 kb** થી વધે નહી તે રીતે સ્કેન કરી **Upload** કરવાના રહેશે. **Registration** ફોર્મમાં આપેલ **Email Address** પર **Account Activate** કરવા અંગેનો ઈમેલ આવશે. જેમાં **Click here To Activate** પર **Click** કરવાથી આપનું **Register** કરેલ **Account Activate** થશે. ત્યારબાદ **Login** થઈ જે તે જગ્યા સામે **Apply Button** પર **Click** કરી અરજી કરવાની રહેશે.

(૧૦) On line Application Save કર્યા બાદ જો અરજીમાં કોઈ ભૂલ જણાય તો Edit Button પર કલીક કરી આપની અરજીમાં સુધારો કરી શકાશે.

(૧૧) આપની અરજીને Confirm Button પર કલીક કરી આપની અરજીને Submit કરવાની રહેશે. **Submit કરેલી અરજી જ માન્ય ગણાશે** અને Submit થયા પછી અરજી પત્રકની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

(૧૨) **Submit કરેલી અરજીમાં કોઈપણ પ્રકારનો સુધારો–વધારો કરી શકાશે નહિં જેની નોંધ લેવી.**

(૧૩) નિયત શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવનારની લેખિત કસોટી સંભવિત ઓગષ્ટ માસમાં લેવામાં આવશે. **લેખિત કસોટી સંબંધિત વિગતો અત્રેની કચેરીની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.લેખિત પરીક્ષાનું માળખું ઉચ્ચ માધ્યમિક કક્ષાનું રહેશે.**

(૧૪) ઉમેદવારે ઈન્ટરવ્યુ વખતે ઓનલાઈન કરેલ અરજીપત્રકની લીધેલ પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

(૧૫) જરૂર જણાયે લેખિત કસોટીના કટ ઓફ માર્કસ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી ધ્વારા નકકી કરવામાં આવશે. જે સર્વેને બંધનકર્તા રહેશે.

(૧૬) પ્રતિનિયુકિતથી પસંદગી અંગેની તમામ સૂચનાઓ ઓન લાઈન જ મૂકવામાં આવશે. તેથી પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી વેબસાઈટ જોતાં રહેવાનું રહેશે. આ અંગે અલગથી કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહિ.